GJBH130016232025

**CC NO.** 1490/ 2025

(નમુનો :–અ ) આંક–

**નેત્રંગ ના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી એચ.આર.ખમલ ) સાહેબની કોર્ટમાં, મુકામ : નેત્રંગ**

**ચુકાદાની તારીખ –૧૭/૦૮/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૧૪૯૦/૨૦૨૫**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(ઈ),૮૧,૯૮(૨) મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ.ર. નં.૧૧૧૯૯૦૦૫૨૦૦૩૮૧ /૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | નેત્રંગ પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી. પી.આર.ચૌધરી |
| આરોપીપક્ષ | **(૧.)** **રોહિદાસભાઈ શીવદાસભાઈ દત્તુભાઈ પંચાલ** ઉ.વ.૨૮, રહે.અંતોર્લી,હરીજન ફળીયું, તા.નિઝર,જી.તાપી<br>**(૨.)** **રાજેશભાઈ નારાયણભાઈ માનીકરાવ પારેખ** ઉ.વ.૨૧ હાલ રહે.અંતોર્લી,હરીજન ફળીયું, તા.નિઝર,જી.તાપી, મુળ રહે.૮–બી, વીડીયો કોટર્સ સમતાનગર,નંદુરબાર તા.જી.નંદુરબાર(મહારાષ્ટ્ર)<br>**(૩)** **રમેશભાઈ ઉર્ફે સહેવાગ દલપતભાઈ વસાવા** ઉ.વ.૩૪, રહે. અંકલેશ્વર તાડ ફળીયું, તા.અંકલેશ્વર,જી.ભરૂચ. |
| રજુઆત | આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી.એસ.એ.પટેલ |

**( નમુનો :-બ )**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૫/૦૭/૨૦૨૦ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૫/૦૭/૨૦૨૦ |
| અહેવાલની તારીખ | ૦૫/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદા રાખવા માટેની તારીખ | ૧૭/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૮/૨૦૨૬ |
| સજા કરી હોય તેની તારીખ | |

**<u>::આરોપીની વિગત::</u>**

| **ક્રમ** | **આરોપીનુ નામ** | **અટક કર્યાની તારીખ** | **જામીન પર છોડયા ની તારીખ** | **ગુનો/ ત્હોમત** | **તકસી રવાન / નિર્દોષ** | **સજા** | **સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **રોહિદાસ ભાઇ શીવદાસભાઇ દત્તુભાઇ પંચાલ** | ૦૬/૦૭/૨૦૨૦ | ૧૫/૦૭/૨૦૨૦ | પ્રોહી કલમ-૬૫(ઇ), ૮૧,૯૮(૨) મુજબ | નિર્દોષ છોડયા | - | |
| ૨. | **રાજેશભાઇ નારાયણભાઇ માનીકરાવ પારેખ** | ૦૬/૦૭/૨૦૨૦ | ૧૫/૦૭/૨૦૨૦ | | | | |
| ૩. | **રમેશભાઇ ઉર્ફે સહેવાગ દલપતભાઇ વસાવા** | ૨૩/૧૦/૨૦૨૦ | ૨૬/૧૦/૨૦૨૦ | | | | |

**(નમુનો:-ક)**

**<u>ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે સાક્ષી યાદી</u>**

| **ક્રમ** | **નામ** | **સાહેદના પ્રકાર** |
|---|---|---|
| ફ.સા.૧ | બકુભાઇ મથુરભાઇ વસાવા | પંચ સાહેદ |
| ફ.સા.૨ | વલુસિંગભાઇ રૂપસિંગભાઇ વસાવા | પંચ સાહેદ |
| ફ.સા.૩ | વિજયસિંહ કાનાભાઇ મોરી | ફરીયાદી |

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે ન્યાયાલય ના આંકની યાદી**

| **અનુ. ક** | **આંક** | **નામ** |
|---|---|---|
| ૧ | ૧૦ | પંચ સાહેદ વલુસિંગભાઇ રૂપસિંગભાઇ વસાવાની જુબાની |
| ૨ | ૧૧ | રેઇડ અંગેનું પંચનામુ |
| ૩ | ૧૨ | પંચ સાહેદ બકુભાઇ મથુરભાઇ વસાવાની જુબાની |
| ૪ | ૧૫ | ફરીયાદી વિજયસિંહ કાનાભાઇ મોરીની જુબાની |
| ૫ | ૧૬ | ફરીયાદ |

**<u>-: ઠરાવ:-</u>**

(૧) **<u>કેસની ટુંકમાં હકીકત</u>**

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ આ કામના તહોમતદાર નં.(૧) તથા (૨) નાઓ પોતાના કબજામાંની એકટીવા ગાડી નં. જી.જે-૨૧-એસ-૨૭૮૧ તથા એક સફેદ કલરની નંબર પ્લેટ વગર એકટીવા ગાડીમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ-૯૧ કિંમત રૂપિયા ૨૬,૪૭૫/- તથા મોબાઇલ નંગ-૦૨ કિંમત રૂપિયા ૮,૦૦૦/- તથા બે એકટીવા ગાડી કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧,૧૪,૪૭૫/- ના પ્રોહી મુદામાલ નંદુબાર ખાતેના હિરા વાઇન સોપના મેનેજર સુરેશભાઇ અમૃતભાઇ પાટીલનાઓ પાસેથી લઇ અને વહન કરી આ કામના તહોમતદાર નં.૦૩ નાઓની

આપવા જતા પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી,ગુનો કરેલ હોય જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપી વિરૂધ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) <u>**ન્યાયિક કાર્યવાહી**</u>

આ કામે આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ /વોરંટ બજી જતા જેના અનસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને સી.આર.પી.સી કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૬ થી આંક–૦૮ સુધી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે.

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

<u>**::– મુદાઓ ::–**</u>

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે |

| | |
|---|---|
| | કે,તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ આ કામના તહોમતદાર નં.(૧) તથા (૨) નાઓ પોતાના કબજામાંની એકટીવા ગાડી નં. જી.જે–૨૧–એસ–૨૭૮૧ તથા એક સફેદ કલરની નંબર પ્લેટ વગર એકટીવા ગાડીમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ–૯૧ કિંમત રૂપિયા ૨૬,૪૭૫/– તથા મોબાઇલ નંગ–૦૨ કિંમત રૂપિયા ૮,૦૦૦/– તથા બે એકટીવા ગાડી કિંમત રૂપિયા ૮૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂપિયા ૧,૧૪,૪૭૫/– ના પ્રોહી મુદામાલ નંદુબાર ખાતેના હિરા વાઇન સોપના મેનેજર સુરેશભાઇ અમૃતભાઇ પાટીલનાઓ પાસેથી લઇ અને વહન કરી આ કામના તહોમતદાર નં.૦૩ નાઓની આપવા જતા પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી, **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫(ઇ),૮૧,૯૮(૨)** મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| **૨.** | શું હુકમ |

૫) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**– કારણો –**

(૬) **મુદ્દા નં. ૧ અને ૨:–**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઇએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

(૬.૧) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરીયાદપક્ષે સૌપ્રથમ **પંચ સાહેદ વલુસિંગભાઇ રૂપસિંગભાઇ વસાવાને આંક–૧૦ થી તથા પંચ સાહેદ બકુભાઇ મથુરભાઇ વસાવાને આંક–૧૨ થી** સોગંદ પર તપાસેલ છે. તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવે છે. મજકુર

પંચસાહેદ તેમની જુબાનીમાં રેઈડ અંગેના પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચસાહેદોની જુબાનીથી **આંક–૧૧** વાળું રેઈડ અંગેનુ પંચનામું પુરવાર થતું નથી.

(૬.૨) ત્યારબાદ, ફરીયાદ પક્ષ ધ્વારા **આંક–૧૫ થી ફરીયાદી વિજયસિંહ કાનાભાઈ મોરી**નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,સને ૨૦૨૦ માં તેઓ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા તે સમય દરમિયાન તારીખ.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ તેઓ તથા પી.એસ.આઇ શ્રી એન.જી.પાંચાણી તથા અન્ય પોલિસ સ્ટાફના માણસો તથા બે પંચોના માણસો ૧.બકુભાઈ મથુરભાઈ વસાવા તથા ૨.વલુસિંગભાઈ રૂપસિંગભાઈ વસાવાનાઓ સાથે બાતમીદાર થી મળેલ બાતમી આધારે થવા ચેક પોસ્ટ પર વોચમાં ગોઠવાયેલ હતા તે દરમિયાન બાતમી મુજબની એક એક્ટીવા ગાડી નંબર જી.જે–૨૧–એસ–૨૭૮૧ તથા એક વાઈટ કલરની નંબર વગરની એક્ટીવા ગાડી આવતા તેમને કોર્ડન કરી પકડી લઈ પ્રથમ ગાડી ના ચાલક નુ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ રોહિદાસભાઈ શિવદાસભાઈ પંચાલ રહે.અંત્રોલી તા.નીઝર જી.તાપી ના હોવાનુ જણાવેલ.તેમજ તેની અંગઝડતીમાંથી એક મોબાઈલ મળી આવેલ તેની પાસેથી એક પ્લાસ્ટીક ના થેલામાં વિદેશીદારૂ મળી આવેલ ત્યારબાદ બીજા ઈસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ રાજેશભાઈ નારાયણભાઈ પારેખ રહે.અંત્રોલી તા.નીઝર જી.તાપી ના હોવાનુ જણાવેલ.તેમજ તેની અંગઝડતીમાંથી એક મોબાઈલ મળી આવેલ તેની પાસેથી એક પ્લાસ્ટીક ના થેલામાં વિદેશીદારૂ મળી આવેલ.તેમની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલ

કુલ નંગ–૯૧ જેની કિંમત રૂપિયા.૨૬,૪૪૫/–નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ.ત્યારબાદ સદર ઈસમોને મુદ્દામાલ બાબતે પુછતા તેઓએ જણાવેલ કે તેઓ આ મુદ્દામાલ અક્કલકુવા મહારાષ્ટ્રથી લાવેલ અને અંકલેશ્વર રહેતા સહેવાગભાઈ ને આપવા જવાના હોવાનુ જણાવેલ. ત્યારબાદ મળી આવેલ પ્રોહી મુદ્દામાલ કિંમત રૂપિયા ૨૬,૪૪૫ તથા બે એક્ટીવા ગાડી કિંમત રૂપિયા.૮૦,૦૦૦/– તથા મોબાઈલ –૦૨ કિંમત રૂપિયા ૮૦૦૦/– મળી કુલ કિંમત રૂપિયા ૧,૧૪,૪૪૫/–નો મુદ્દામાલ કબજે કરી તે અંગેનુ વિગતવારનું પંચનામુ કલાક ૧૧/૪૫ થી કલાક ૧૩/૩૦ સુધીનુ પી.એસ.આઈ શ્રી એન.જી.પાંચાણી નાઓએ કરી પંચનામા ની વિગતે મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ.ત્યારબાદ સદર ગુનાના કામે તેઓએ ફરીયાદ આપેલ.આજરોજ તેઓને સદર ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં ફરિયાદી તરીકે ની તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે.સદર ફરિયાદ ને રજુ દાખલ **આંક–૧૬** આપવામાં આવે છે. ત્યારબાદ સદર ગુનાના કામે પી.એસ.આઈ શ્રી એન.જી.પાંચાણી નાઓએ તપાસ સંભાળી આરોપીઓ ની અટક કરી લાગતા વળગતા સાહેદોના તપાસ ના કામે જવાબ લીધેલ અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપીઓને જોયેથી તેઓ ઓળખી શકે તેમ જણાવેલ છે.આરોપીઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

તેઓની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે નેત્રંગ ડેડીયપાડા રોડ પર વાહનો ની સતત અવર જવર રહેતી હોય છે.એ વાત ખરી છે કે રોડ ની આજુબાજુમાં રહેણાંક મકાનો તથા દુકાનો આવેલી છે.એ વાત ખરી છે કે પેટ્રોલીંગમાં અમો ખાનગી વાહનમાં નીકળેલા.એ વાત ખરી નથી કે પંચો પોલીસ ના કાયમી પંચો છે.એ વાત ખરી છે કે પ્લાસ્ટીક નો થેલો સામાન્ય રીતે બજાર માં મળી રહે.એ વાત ખરી છે કે ચાર્જશીટ ના ત.ક.અ દ્વારા પોલીસ સાહેદો

સિવાય કોઈ સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લીધેલ નથી તેમજ તપાસના કામે એફ.એસ.એલ નો રીપોર્ટ રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે ખોટી કામગીરી બતાવવા આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફર્રિયાદ કરી ફરીયાદના સમથનમાં હાલની ખોટી જુબાની આપુ છુ.

(૭) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીઓ પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા જાહેર જગ્યા છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા પંચોના નામ જણાવેલ છે. પરંતુ, સદર પંચો બનાવ વાળી જગ્યાના રહેલ નથી. વળી, તેઓએ સ્વીકાર કરેલ છે કે બનાવ વાળી જગ્યા પર થી પંચો સહેલાઇ થી મળી શકે, પરંતુ શા માટે બનાવ વાળી જગ્યા પર થી પંચો ને બોલાવેલ નથી આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા જાહેર જગ્યા આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુદિશા પણ બતાવવામાં આવે છે તેમજ આરોપી વિરુધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીના કબજામાં થી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧ (૨૬) જી. એચ. જે. ૦૧)** માં નામદાર ગુજરાત

હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યું ગણાય નહી. વધુમાં, **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીંગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી. તે અંગેનો કોઈ રીપોર્ટ ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં

નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસિઝર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(ઈ),૮૧,૯૮(૨) મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે, મુદામાલ પાવતીમાં જણાવેલ તમામ પ્રોહીબીટેડ મુદામાલ દારૂ નો નાશ કરવો તેમજ મુદામાલ એકટીવા તથા મોબાઈલો અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલ એકટીવા તથા મોબાઈલો તેના મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો તે સંદર્ભે ના છ માસ ના સમયગાળા માટે જામીન રજુ કરવા.

આ હુકમ આજ તા.૧૭, માહે ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ – નેત્રંગ
તારીખ – ૧૭/૦૮/૨૦૨૬.

સ્ટેનો: જે.જે.શાહ

**(હર્ષદ રાજાભાઈ ખમલ)**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નેત્રંગ
**[GJ01749]**